**<u>મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની કોર્ટમા, મુ. નેત્રંગ.</u>**

**ફોજદારી કેસ નં.૫૭૫/૨૦૨૬**
**આંક– ૦૩**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :– અંકિતભાઈ મહેન્દ્રભાઈ વસાવા**

**<u>ગુન્હો : બી.એન.એસ. કલમ– ૨૮૧</u>**

**<u>–: ચુકાદો :–</u>**

(૧) ફરીયાદ પક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે ગફલતભરી રીતે પોતાની તથા અન્યની જીંદગી જોખમાય તે રીતે રોડ ચલાવી ગુનો કરતા, બી.એન.એસ. કલમ– ૨૮૧ મુજબનો આ ન્યાયાલય અધિકાર ક્ષેત્ર નીચે આવે એવો ગુન્હો કરેલ છે.

(૨) આજરોજ આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેને પોલીસ તપાસના કાગળોની નકલ મળ્યાની ખાતરી કરી આરોપીની ગુના સબબ પ્લી નોંધતા તેણે પોતાની સામેના ગુન્હાનો એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ આપેલ છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવતા અને સમજાવતા છતાં પણ સ્વેછીક રિતે ગુનો કબુલ કરતા હોય, આરોપીની સ્વેછીક કબુલાતને ના માનવાને કોઈ કારણ નથી.

(૩) આમ, કેસની હકીકત સંજોગો તથા આરોપીની કબુલાત જોતા તે સ્વેછીક હોવાનુ જણાય છે. આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યક્ત હોય, ભવિષ્યમાં આવા ગુન્હો નહી કરવા ખાતરી આપતા હોય, આ કામના આરોપીએ પોતાનાથી અજાણતા આવા પ્રકારનો ગુન્હો થયાનુ જણાવેલ હોય, આ કામના આરોપીનો પ્રથમ ગુન્હો હોય, ભવિષ્યમાં પોતાનુ વાહન સાવચેતીથી હંકારવા ખાતરી આપતા હોય તેમની ગુન્હા કબુલાત ને ધ્યાને લઈ આરોપીને હળવી સજા કરવી વ્યાજબી જણાતુ હોય, વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિરુદ્ધ નટવર હરચંદજીના કેસમા (જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નંબર ૭૦૯) ના ચુકાદામાં કરેલ સિધ્ધાંતોને લક્ષમા લેતા આ કામના આરોપીને હાલના ગુના સબબ કલમમાં ઓછી સજા નિયત કરેલ ન હોય દંડની સજા કરવી જોઈએ તેમ હું માનુ છુ. આરોપી સામેના ગુનાની હકીકત અને સજાની જોગવાઈ લક્ષમાં લેતા, આરોપીનો પ્રથમ ગુનો હોય ભવિષ્યમાં પોતાનુ વાહન સાવચેતીથી હંકારવા ખાતરી આપતા હોય તેમની ગુના કબુલાતને ધ્યાને લઈ આરોપીને હળવી સજા કરવી વ્યાજબી જણાતુ હોય ન્યાય ના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

**આરોપીને ધી બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વચે આરોપીને ધી બી.એન.એસ. કલમ ૨૮૧ ના ગુનામાં દોષીત ઠરાવી રૂ.૫૦૦/– (રૂપિયા પાંચસો પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરવામાં કસુર કરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજરોજ તારીખ–૧૧ મી, માહે– જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશીચલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬

**(એચ.આર.ખમલ)**
જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
નેત્રંગ
**(JUDGE CODE GJ-01749)**

દંડ રજીસ્ટર નં. થી
દંડની રકમ રૂા. ૫૦૦/– જમા લીધા.
તારીખ : ૧૧/૦૭/૨૦૨૬